શ્રી મનોરંજક

ગરબાવળી.

રણછોડજીનાં ગરબા સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

અમદાવાદ.

ધી જૅલી પ્રિન્ટિંગ વર્કસ.

સંવત ૧૯૬૨ સન ૧૯૦૬

ડાકોરના રણછોડજી મહારાજનો ગરબો.

અલબેલીરે અંબે માત, જોવાને જઈએ એ રાગ.

છોગાળા છબીલા છેલ, રણછોડ રંગીલા:
કરી બોડાણાપર મેહેર, હો મોરલીવાળા. ટે°.
અકળ કળા અલબેલા તારી, પાર ન પામે શેષરે;
વેદ વીસારી વીરમે પામ્યા, સમજ્યા નહી લેશ રણછોડ, ૧
મહા મોટમ મહારાજ તરી, મુખથી કેમ કેહેવાયરે;
સમુદ્રમાંથી ચાંચ ભરે જેમ, પક્ષીની તરૂષા જાય. રણછોડ. ૨
મંદગતી મહારાજ મારી, મલીન મારૂ મનરે;
સરણે રાખો સામળીઆ, મને જાણી તમારો જન. રણછોડ. ૩
દ્વારકાના વાશી રાય, રણછોડ તમારૂ નામરે;
ઘણી દયા ગુજરાત ઉપર કરી. આવ્યા ડાકોર ગામ. રણછોડ. ૪
બોડાણાની ભક્તિ ભાવી, સુંદરજી ભલી તમનેરે;
અકળકળીઆ ધરણીધર, દુલભ છો આગમ નીગમ. રણછોડ. ૫
ધન બોડાણા ધીરજ તારી, ધન ધન તારી માતરે;
પાતર્ણ ચો પોતાના કીધા, હેતે લીધા હાથ. રણછોડ. ૬
સીતેર વરશે શેવા કરીને સામળીયો સમજાવ્યારે;
ડાકોરથી તો દવારકાં માહે, વરસે બે ત્રણ ફેરી ખાવા રણછોડ. ૭
કરમાં તુળશી વાવીરે. જઈ ચતુરભુજને ચડાવીરે;
પ્રભુજી તો પ્રસન થયાને દીલમાં દયા આવી. રણછોડ. ૮
અલબેલો બોલ્યા એમ, મુખથી બોડાણાની સાથને;
એકાંતે આવીને કહ્યું, તે કોઈ ન જાણે વાત. રણછોડ. ૯
ઘણા દિવસ તેં મારે કાજે, મોટુ કષ્ટ કીધુરે;
વપુ તારૂ વૃધ થયું, તે જોપ મારૂ મન બાંધુ. રણછોડ. ૧૦
તે માટે હું તારી સાથે, આવું તારે ગામરે;
તારે ચરણે નથી ચલાતુ, તે માટે જવું ધામ. રણછોડ. ૧૧

કહ્યું મારૂં માની કાલે, જા તું ડાકોર ગામરે;
વેહેલ લાવ તું વાત ન પુછે, મનમાં રાખી હામરે. રણછોડ. ૧૨
બોડાણો કહે બાપજી, હું વેહેલ કયાંથી લાવુ રે;
મારે ઘેરતો નથી મહારાજ, કેમ કરીને આવું. રણછોડ. ૧૩
મોહનજી કહે માગી લાવો, જેવી તેવી વેહેલરે;
જાત જોવાનું કામ નથી બે જોડી લાવે બેલ રણછોડ. ૧૪
બોડાણાને વચનજ આપી, વિદાય કીધો વળતીરે;
વનમાળી કહે તારે મારે, વાત આવી છે મળતી. રણછોડ. ૧૫
વરૂં કહીને વીઠલજીને, ચરણે પડયો કરજોડીરે;
લાજ મારી લટકાળા, તમો રાખજો શ્રી રણછોડ રણછોડ. ૧૬
અતી આતુરતા અંગમાં, ને આવ્યો ડાકોર ગામરે;
પાડોશીને પેરે કહી, મારે તમ સરખુ છે કામ રણછોડ. ૧૭
ઉપકાર માનું તમ તણો જો, આપો બળદને વેહેલરે;
જાવું દ્વારકાં છેલે ફેરો, તીકમજીની ટેલ. રણછોડ. ૧૮
પુરવાશી પાડોશી કહે બાપ, જેવી તેવી મળશે;
જેમ તેમ કરીને જોડી ભાઈ, ભાગ્ય તરૂ ફરશે રણછોડ. ૧૯
એવું સાંભળી ઉઠયો પોતે, વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતાં વનમાળીનો, મંદીર પાછળ છોડી. રણછોડ ૨૦
ગુગળી સહુકો હસવા લાગ્યા કઉતક સરખી વાતરે;
બોડાણો તો આણી આવ્યા, લેઇ જવાને નાથ. રણછોડ. ૨૧
વેહેલને બે બળદ જોતાં, હસે છે મુખ મોડરે;
અરે ભાઇ ભુતળમાં ના મળે. આવી બીજી જોડ રણછોડ. ૨૨
બોડાણો કહે હસો ભાઇઓ, હસવા સરખી વાતરે;
ઇશ્વર ઇચ્છા કોઇ ના જાણે કેવુ થશે પ્રખ્યાત. રણછોડ. ૨૩
સંધ્યા થઇને સેન કરાવ્યું, રણછોડજીને રંગભેરરે;
અધી રાતે ઉઠયા પોતે પ્રિતમે કરી પેર. રણછોડ. ૨૪
તાળાં તોડયાં ભુંગળ ભાગી, આવ્યા મંદીર બાહારરે;
બોડાણાની પાસે આવી, પ્રેમે કરયો પોકાર. રણછોડ. ૨૫
જાગ જાગ તું ઝટપટ કરીને, વીઠલ કહે વેહેલ જોડરે;

બોડાણો ઝબકીને જાગ્યો; દીઠા શ્રી રણછોડ રણછોડ. ૨૬
ગદ ગદ કંઠે ગળગળતુ બોલે, થર થર ધ્રુજે અંગરે;
ગોવીંદજી હવે શી ગત થાશે, તમો રાખજો રંગ રણછોડ. ૨૭
બળદ તો બેસે ને ઉઠે ચાલે નહી લગારરે;
પ્રાતસમે તો પકડશે મુને. મારસે બહુ માર રણછોડ. ૨૮
જગજીવન જેમ તેમ તેમ કરતું. ઝાંપા સુધી કહાડરે.

હાંકીસ હુ પછી હેત કરીને, માનીશ તારો પાડ રણછોડ. ૨૯
જેમ તેમ કરતાં ઝાંપા સુધી, પાછલી રાતે પોહોચ્યારે;
રાશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સુતા રણછોડ. ૩૦
વેગે વહેલ ઉડાડી પોતે. અંત્રીક્ષથી અસએંતરે;
ઉમરેઠને ડાકોરની વચ્ચે, આણીને તે મેલે. રણછોડ. ૩૧
બોડાણાને કેહે જગજીવન. જાગી જોને વટરે;

પ્રાતઃ થયો ઉઠ આળસ મેહેલી. જો આવ્યો કાંઈ ઘાટ રણછોડ. ૩૨
આંખ ઉઘાડી ઉંચું જોયું; બોડાણે તેહીવારરે;
સામળીયા રીઝાડો મારા ગામ તણો ગીરધાર રણછોડ. ૩૩
અસએત્રો ઉતરીયા હેઠે, લીંબ તળે લટકાળોરે;
વિસરામ કીધો વાલાજીએ. ચંબીને થાક ટાળ્યો. રણછોડ. ૩૪
લીંબડાનુ લટકાળા તમે, એક ડાળ કીધું મીઠુરે;
કર અડકાડી કડવાસ કાહાડી, તે સહુએ નજરે દીઠું. રણછોડ. ૩૫
પાતશ્રીકૃષ્ણ ત્યાં પગલાં પડ્યાં, પોતાનાં સાક્ષાતરે;

અદ્યાપી એંધાંણી તેની. સરવે જાણે વાત રણછોડ. ૩૬
એમ કહી અસએત્રો આવ્યા, દડગડ ડાકોર ગામરે;
બોડાણા પ્રતે એમજ બોલ્યા, અને રહેવાને કર ઠામ. રણછોડ. ૩૭
દ્વારીકાપુરીશ્વર કહે ધામ તજ્યું મેં, તે સઉકે એ જાણ્યુ રે.

મંદીરમાં મુજને નહી દેખે, જ્યારે વાશે વાહાણું. રણછોડ. ૩૮
ધસમસ કરતા ધઈ આવશે, ગુગળી ધરતળ રે;
સામળીયો કહે મુજને સંતાડી, તુ ઝાલી બેશને માળ. રણછોડ. ૩૯
ગોમતીમાં ગોવીંદજી પેઠા, વાવ્યમાં તનપાળીરે;

ગાળો દેતા ગુગળા આવ્યા થોડે દીવસે ચાલી રણછોડ. ૪૦
બોડાણાને બાંધી લાવો ગુગળી એમ બોલ્યારે;
બોડાણો ગોરસ થઇ ગળતા, ગયા સહુના પેહેલા રણછોડ. ૪૧
આવતામાં આંખ ચઢાવી, ગુગળીએ વીફરાળરે
ચોર તું કેમ ચોરી લાવ્યો, ભુદરજી ભુપાળ રણછોડ. ૪૨
બોલ બોલ કહી બરછી મારી, મુરછાગત તે પડ્યોરે;
અંગીકાર કરી અલબેલે, હરીએ દાસે પેડો રણછોડ. ૪૩
ગોમતીમાં રૂધીર થયું, તે જાહેર જુગ મોઝારરે;
એ એંધાણે અલબેલાજી, સોધી કાડ્યા નીર બહાર રણછોડ. ૪૪
એ વચને ત્યાં બળવત બોલ્યા, હું હવે નહી ત્યાં આવુ રે.
મુજ બરાબર સોનું લઇને, કરો તમે મન ભાવ્યું રણછોડ. ૪૫
લાલચમાં લપટાયા સરવે, લોભમાં લેવાયારે;
સરકાર સરવે પચ મળીને, ત્રાંસ તીરે લાવ્યા. રણછોડ. ૪૬
સામાસામી લખ્યું લઇને, બોડાણો એમ બોલ્યેરે;
એકાંતે અલબેલા સાથ; પ્રીતે પડદો બોલ્યો. રણછોડ. ૪૭
મહારાજા મુજ પાસ નથી, વાલા કેરી વીંટીરે;
સોનુ જોઇએ શામ બરાબર ચીતમાં ચીંતા પેઠી રણછોડ. ૪૮
ગોવિંદજી કહે ઘેર જઇને, ગંગાબાઇને પુછીરે;
સવા વાલની વાળી છે, લાવો ક્યાં તમે મુંઝો રણછોડ. ૪૯
[illegible] આવીને ગંગાબાઇને, વાત કહી વિસ્તારીરે;
વાળી લઇ વનમાળી તેડે ગોવીંદની ગત ન્યારી રણછોડ ૫૦
તરત લઇને તીરે આવ્યા, વાળી રાખી પાસરે;
લજ્જા રાખજો લટકાળા, હું ચરણ કમળની દાસ. રણછોડ. ૫૧
વડના ડાળે ત્રાંસ બાંધ્યાં, ત્રીકમજીને તોળ્યારે;
વાળી નનેમી ચાલમ કરવા, પછે જોઇ સહુકો બોલ્યા રણછોડ, ૫૨
ઝાંખા થઇને જગજીવનને ગુગળી ગયા દેહેરે;
દાગા તુજમાં કપટ ભરયું છે, ઓઝેરી રહેછે રણછોડ. ૫૩
બાળપણે તે મામો મારયો મથુરા નગરી માંયરે;

આજ લગી અમને અથડાવ્યા, હવે જઇએ ક્યાંય રણછોડ ૫૪
પ્રભુ કહે પાછા ફરો. જાઓ દ્વારકાં મોઝારરે
સ્વરૂપ મારૂ સેવંત્રીમાં છે, તે કહાડજો બહાર રણછોડ ૫૫
નીરાશ થઇ નીસાસો મુકી, ગુગળી ઘેર પધાર્યારે,
સેવંત્રીમાં જઇને જોયું, પ્રભુ ત્યાંતો પધાર્યા, રણછોડ ૫૬
સંવત બારને બારમાં, પ્રભુ બકો કશી ન રાખીરે.
દયા કરીને ડાકોરમાં આવ્યા, તે સરવે પુરે સાખી રણછોડ ૫૭
વરસ પાંચસે અગનોત્ર સુધી, અલએવ એમ કીધુ રે;
ત્યાં લગી તો ગોમતી તીરે, સહુને દરસન દીધું રણછોડ ૫૮
અભેસંગ એક રાજા આવ્યો, મારવાડથી મોટોરે;
પીતાજીશુ પરપંચજ કીધો, મનમાં મેલ છે ખોટો રણછોડ ૫૯
તેણે મન માન્યું મોહનજીનું, મંદીર તો આદરવુ રે;
જગજીવનને જોગ મેળવ્યા, પરમેશ્વરનું કરવું, રણછોડ ૬૦
કારજ કીધું જાણી વજીર, રતનસીંગને તેડેરે;
મોહનજીનું મંદીર મોટું, કરવુ દીવસ થોડે રણછોડ ૬૧
મંદીર કરીને માહારાજને, પધરાવ્યા ત્યાંથી પ્રીતેરે;
સંવત સતર એકાશીમાં, રંગલો રંગ રીતે રણછોડ ૬૨
માણેકહારીએ મેળો કીધો, મોહનને મન ભાવેરે;
વહુવધ વાજીંત્ર સેહ, સરવે સમાજે આવે રણછોડ ૬૩
મોટુ માહાતમ જાણીને, જન સરવે દરસણે આવેરે;
જેર સામગરી શણગાર સારા, સામળીયાને લાવે રણછોડ ૬૪
મેળો મહાભારત થયો, તે મંદીરમાં ન માયરે;
જગજીવનને જોવાને તો જન ઘણા ત્યા જાય રણછોડ ૬૫
ત્યારે માહારાજે મનસુબો કીધો, મંદીર મોટુ કીજેરે;
ઉચે આસને તમો બેસીને, દરસન સહુને દીજે. રણછોડ ૬૬
ત્રાંબેકરને તરત કહ્યું, તે ક્ષણું ન લાગી વારરે;
ડાકોર મધ્યે દોડી આવ્યો, પુનાનો રહેનાર રણછોડ ૬૭
આવીને અલબેલા કેરૂં, આરંભ્યુ મંદીરરે;

સલાટ સારા શોધી કહે છે, વેગે કરજો ધીર રણછોડ ૬૮
કામ કરતાં કસર ન કરશો, પઇસો પુરો પાડું;
ધન્યનો ધરણીધરનુ સરવે, સ્વામ મુરતક ગાડું રણછોડ ૬૯
પાયામાં તે પથર પુરયા, સીસું ઢોળ્યું સારરે;
મોહનજીનું મંદીર કીધું, શોભાનો નહી પાર રણછોડ ૭૦
મહારાજનું મંદીર થયુ, ત્રીજે વરસે તઇયારરે;
પ્રભુજીને પધરાવા તણો; કીધો છે નીરધાર રણછોડ ૭૧
સરવ મળીને સામળાંયાની, પાસે આવ્યા પ્રીતેરે;
મહુરત જોવા મોટા જોશી, તેડાવ્યા રંગ રીતે રણછોડ ૭૨
મહુરત જોઇને જોશી કેહે છે, મંદીરમાં પધારાવોરે;
મોટું મહુરત આજ દહાડો, ફરી ન આવે આવો રણછોડ ૭૩
અલએલાજીને હિયડે ગણ, ખસે નહી તલ માત્રરે.
વીચારી સહુ વિસ્મે પામ્યા, ગળીયાં સહુનાં ગાત્ર રણછોડ ૭૪
શુ થાશે સામળીયા મોરૂં મંદીર મીથ્યા સારેરે.
તાંબેકર કહે ટેક રાખજો, લજ્જા મરી જાશે રણછોડ ૭૫
પ્રભુ કાન ગરૂ પેકીનાં, પાતળીયા પધરાવ્યરે.
તોયે પણ મોહન ન માને, મોટે મંદીર જાવા રણછોડ ૭૬
સાંજ પડીને સહું કોઇ થાકયા, કાંઇ ન સુણે વાતરે.
અલએલાને એમ ગમ્યું નહી, હેઠા પડીયા હાથ રણછોડ ૭૭
પ્રભુએ પેરયો પુરવાશા, કોઇ બોલ્યો આવી વાત;
જુગજીવનને જોઇએ બધાઓ, બોડાણાની જાત રણછોડ ૭૮
તેના કુળમાં કોઇ હોય તો, અલએલોજી ઉઠેરે;
ખોળ કરીને ખબર મંગાવો, તો ત્રીકમજી તડકે રણછોડ ૭૯
સોધ કરીને શોધી કહાડયો કુળ મધેનો કોઇરે.
જોતામાં જુગજીવન કરે, મન રહ્યુ છે મોહી રણછોડ ૮૦
અલએલાને અંગે અટકયા સંગે સઘળો સાથરે;
અંત્રીક્ષથી ઉઠયા અલએલો, તે કોઇના જાણે વાત રણછોડ ૮૧
... ની પતળીઓ લઇને, મોટે મંદીર આવ્યારે;

સીંધાસન ઉપર રામણીઓ, હરજી હેતે આવ્યા રણછોડ ૮૨
સંવત અઢાર અઠાવીશે, પ્રીત કરી પધારયારે;
સહુને સુંખ આપ્યું સામણીએ, અગે રંગ વધારયા રણછોડ ૮૩
બોડાણાનું બીરદ જણાવા, વંશ બોલાવ્યા વહાલેરે;
ત્રાંબેકર તેને તેડીને, સરપાવ સારા આલે રણછોડ ૮૪
ડાકોર કીધું દ્વારકાં, તે ત્રીકમજી તત્કાળેરે;
લત લત મારી લેખે લખજો, તમે પિતા હું બાળ રણછોડ ૮૫
શીંઘાસણની શોભા સારી, આરસનું માંહી કામરે,
મધ્યે મોહન તમો બીરાજો, જોવા સરખુ ધામ રણછોડ ૮૬
ચરણ કમળનું ચીતાવણ કરતાં, ચીતા ચીતા ઓલાયરે:
નેપુરં ઝાંઝર ઘુઘરીઓ, અલબેલા લેવુ બલાય રણછોડ ૮૭
પીતાંબર પીળુ છે તેની, કસબની છે કોરરે;
જડીત્ર કંદોરો જોડે શોભે ઘુઘરીનો ઘમઘોર રણછોડ ૮૮
કસબી વાઘો કનક સરીખો, પટકો પીળો શોભેરે;
લેહેર કસબની છેડા ઉપર, અલબેલાને ઓપે રણછોડ ૮૯
ચારે હાથે ચતુરભુજને, કડાં ચુનીઓ વાળારે;
સાંકળી અંગે સારી શોભે, બાજુબંધ નખરાળાં રણછોડ ૯૦
આંગળીએ અંગુઠી હિજવળી વેઢ અને વીંટીરે;
પુંચી સાંકળાં પાતળીઆને, મુખમાં મોરલી મીઠી રણછોડ ૯૧
મોતી માળા ત્રણ તેવડી, અલબેલાને ઓપેરે;
મોહનમાળા મોટી માંહે, ચરણે જઇને ચોપે રણછોડ ૯૨
સોનાની સાંકળીઓ હારો, હુમ હુમીઓ માંહી ઝળકેરે
સંખ ગદા પદ્મને ચકર, ચારે હાથે ચળકે રણછોડ ૯૩
ગળેબંધ ગળામા સોહીએ, કાને કુંડળ મોતીરે;
જડાવનું તીલક જદુવરને, અખંડ જોત ઉદ્દોતી રણછોડ ૯૪
મુગટ મનોહર મહારાજનો, જુગમાં ન મળે જોડરે.
મધ્યે ચુનીઓ ચળકે ઝાઝી કલકીનો તોકો રણછોડ ૯૫
અદભુત રૂપ આનંદમાં ન આવે, એક રસના શું ભાખુરે;

અપાર તેનો પાર નથી, હું કેમ કરી ઝાંખું   રણછોડ ૯૬
જેને જેવો જોઈએ તેને, તેવો અલબેલેરે.
ગત્રાય તેમ ગુણ એના ગાજો, રખે મુળગો મેલો   રણછોડ ૯૭
ધન બોડાણા ધીરજ તારી, બળવતને તે બાંધ્યારે.
જોગી મુનીને જે છે દુર્લભ તે પ્રભુ તુજને બાંધયો   રણછોડ ૯૮
ડાસરામાં ઠીક નીકળયો, પ્રગણામાં પ્રીતરે;
દુનીયામા તે ડંકો કીધો, ડાકોરમાં રહે રંગ રીતે   રણછોડ ૯૯
ચાર જુગમાં જાણ થયો તુ, બોડાણો બલીહારીરે;
તન મન ધન તે ત્રીકમ ઉપર, સરવે નાંખ્યુ વારી   રણછોડ ૧૦૦
અલબેલાને અરજ અમારી, એકાંતે તમે કહેજોરે
અવગુણનોતો આંક નથી, તમે સામળીયાજી સેહેજો   રણછોડ ૧૦૧
જો મોહન મનમાં જાણો તો, જુગમાં ન મળે જોરરે.
ત્રાહ ત્રાહ શરણાગત રાખો, રંગીલા રણછોડ   રણછોડ ૧૦૨
જેજે અવગુણ જાશો તે પ્રભુ, મુજમાં ભરયા ભરપુરરે.
આળ કરો તો ઉડી જાવું, જેમ આકડનુ તુર   રણછોડ ૧૦૩
સામળીઆ તમો સામુ જુઓ, સ્નેહ ધરી શામરે.
મન ફેરવો મોહન મારૂં, સેજે થાએ કામ   રણછોડ ૧૦૪
ચરણ કમળમાં ચીતડું મારૂં, તાણીને તમો રાખોરે·
ધણી થઇ ગીરધારી મુજને, તરછોડી ના નાંખો   રણછોડ ૧૦૫
બેઉ કરજોડી ચરણે લાગુ સો સો કરૂ સલામરે.
રણછોડને તમે રાખ્યા રશીયા, ખાના જાત ગુલામ   રણછોડ ૧૦૬
રાય રણછોડનો ગરબો, જે કોઇ ગાશે પુરણ પ્રીતેરે,
તે ઉપર રીજે રંગીલો, રસબસ થઇ રંગ રીતે   રણછોડ ૧૦૭
સહુ મળીને સાંભળજો બાઈ, કહુછું વારંવાર.
ભુલ્યું ચુક્યુ માફ કરજો કરતા છે કીરતાર   રણછોડ ૧૦૮
સંવત અઢાર અગનોતરે અ ઠગ આસો માસરે;
કૃષ્ણ પક્ષને રવીવારરે, ગુણ ગાય છે રણછોડદાસ   રણછોડ ૧૦૯

શ્રી અંબાજીના મહિના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે મા અંબાજી.
અલબેલી અંબા સાંભળ માહી વાતરે મા અંબાજી. ૧
વાત સાંભળીને સમરૂ શ્રી હરી નાથરે મા અંબાજી.
તારા દરશનની મને મોટી અંબા આશરે મા અંબાજી. ૨
માગશર માસે મન મળવા અકળાયરે મા અંબાજી.
વારી ઇચ્છા કરતાં અંબા દિન વહિ જાયરે મા અંબાજી.
દીન વહિ જાયને આશા મુજને મોટીરે મા અંબાજી.
તારા રંગમંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી. ૪
પોસ માસે મુજને મળવા સોસરે મા અંબાજી.
મુજ રાંક ઉપર શો ધરવો રોશરે મા અંબાજી. ૫
રોશ ન ધરીએ તમેછો દેવી દયાળરે મા અંબાજી.
જેનુ નામ ધરાવે સેવક જન પ્રતિપાળરે મા અંબાજી. ૬
મહા મહિને કાંને વરત સાંભળ્યાં તમારાંરે મા અંબાજી.
મા શું જુઓછો કુડાં કરમ અમારાંરે મા અંબાજી. ૭
કુડાં કરમની કરણી છે મધ્યાનરે મા અંબાજી.
તારા દરશનનું મને મોટુ અંબા ધ્યાનરે મા અંબાજી. ૮
ફાગણ માસે ફરી ફરી ઉઠે અંગરે મા અંબાજી.
રંગ ભરયાં મનડાં ન કરશો ભંગરે મા અંબાજી. ૯
ભંગ ન કરશો તનકુ અમારૂ તલખેરે મા અંબાજી.
ચીત અમારૂ ચરણે આવી અટકેરે મા અંબાજી. ૧૦
ચઇતર મહિને ચિંતા મુજને ઝાઝીરે મા અંબાજી.
જન્મ ધરી નવ નીરખ્યાં અંબા માજીરે મા અંબાજી ૧૧
નવ નિરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે મા અંબાજી.
વળતાં ક્યાંથી દેખીશ માનાં મુખરે મા અંબાજી. ૧૨
વૈશાખ મહિને વરશ જાય દેહ નાહીરે મા અંબાજી
માં હવે વળતી વેળા રહી છે માહે.રે મા અંબાજી. ૧૩
વેળા માહીને માથે મારુ દુખરે મા અંબાજી

હું ક્યારે દેખીશ માનાં મુખરે મા અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડો હેદરે મા અંબાજી.
નહિ તેડો તો જીવણ જાશે વેદરે મા અંબાજી. ૧૫
વેઠ જાશે ને મિથ્યા થાશે જન્મરે મા અંબાજી.
ભાગ્ય નથી પણ ઓછાં અમારાં કરમરે મા અંબાજી. ૧૬
અસાડ માસે અટક ન ધરીએ મનરે મા અંબાજી.
તારા દરશન માટે તરસે મારૂં તનરે મા અંબાજી. ૧૭
તન તલસે ને દયા ન આવે મારીરે મા અંબાજી
મા દયાળી દીલથી શું મુકો કાઢીરે મા અંબાજી. ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે મા અંબાજી.
મા જેને ઈછા હોય તે આવે તારે પારે મા અંબાજી. ૧૯
થા સંઘ ભરાયને ઇચ્છા થાયરે મા અંબાજી.
મા પાપી હોય તે નિશ્ચે પાવન થાયરે મા અંબાજી. ૨૦
ભાદરવા માસે શીદને મન ભમાવોરે મા અંબાજી.
તારા દુરલભ દરશન આપી તાપ સમાવોરે મા અંબાજી ૨૧
તાપ સમાવોતે શીતળ કરો સાથરે મા અંબાજી.
શીશ નમાવતી, પ્રાયશ્ચિત પ્રલે માનરે મા અંબાજી. ૨૨
આસોમાસે અરજ સાંભળીને વેહેલારે મા અંબાજી.
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે મા અંબાજી. ૨૩
હેલ્પ કરીને પુરો મનની આશરે મા અંબાજી.
મા શેવક જનને તેડો તમારી પાસરે મા અંબાજી. ૨૪
બારે માસ પુરણ કાધા માતરે મા અંબાજી.
મા વિષભરી વિશ્વાસ ન કરશો ઘાતરે મા અંબાજી. ૨૫
તેરમો મહિનો મહા ઉત્તમ કેહેવાયરે મા અંબાજી.
મા હરિ પ્રતાપે પુરૂસોતમ સહુ ગાયરે મા અંબાજી. ૨૬
પરસોતમ માસે સંઘ ભરાય બહુ ભારીરે મા અંબાજી.
મા ચાચર ઉપર તરતી ચાલે ચાળીરે મા અંબાજી. ૨૭
આરાસુરમાં નિત્યે આનંદ થાયરે મા અંબાજી.

કરજોડીને આપો શેવક ગાયરે ગા અંબાજી ૨૮

બહુચરાજીના મહીના.

ચઈતરે ચંત ઘણું બાંધયું નમી બહુચર આરાધું;
મન મારૂ ગોખે જઈ બાધું, શેવોને તમે શંખલપુરવાળી ૧
વઈશાખે વાવલીયા વાયા, માજીના ઘટ તળે આવ્યા.
અંબાજી મોટી છે માયા. શેવોને ૨
જેઠેતો જુગતી છે સારી, હરી બ્રહ્મ થકી ન્યારી
ગોખ ઉપર જાઊ બલીહારી. શેવોને ૩
અસાડે મેઘ ઘણા ગાજે છત્ર શીર બહુચરને છાજે;
ચોઘડીયાં નો અદભુતે વાજે શેવોને ૪
શ્રાવણે સરેવડ એ વરસે, માજીને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતા મરશો. શેવોને ૫
ભાદરવો ભલીપેરે આવ્યો, શેવકને મનસુખે થાવ્યો;
ખુડતાં ખાવલડી સાજે. શેવોને ૬
આસોમસે આવી દીવાળી, આવ્યાં છે અંબાને કાળી.
ગરબે રમે મોટાં મહાકાળી. શેવોને ૭
કારતકે કોયલડી બોલે, ના આવે માજી તોલે;
તે જોતાં ત્રીભેવન ડોલે શેવોને ૮
માગશરે માન સરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે.
શેવકની મા કરજો સાહે. શેવોને ૯
પોશે પ્રીત ઘણી ધારી, પાંડવ લીધા ઉગારી.
કૌરવ સરવે ગયા હારી. શેવોને ૧૦
માહે તો મને નથી ગમતુ, મન મારૂ રહે છે ભમતુ.
મન મારૂ માજીમાં રમતું, શેવોને ૧૧
ફાગણે ફરતી હોળી, પેહેરયાં આછે ચરણાં ને ચોરી.
કેસર બછાંટયાં છે હોળી શેવોને૧૩
બારે માસ પુરણ કીધા, દલીતને દંડ ભલા દીધા,
દેવને ઉગારી લીધારે. શેવોને ૧૩

આસો સુદ બીજને ગુરૂવારે, બારે માસ થયા નિરધાર
વલ્લભની કરજો મા સારે. શેવોને ૧૪

રાધિકાજીના મહીના.

કોને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કૃષ્ણ વાશે,
મહીનો દાની કૃષ્ણ થાશે, કે જમુનનાં જાતા દો પ્રાણી ટેક. ૧
કે માગશરે મન મારૂં ગળીયું, વીખિયા ભાવથકી ટળીયું:
કે જેમ લુંણ પાણીમાં ભરયુ કે જમુનનાં ૨
કે પોસે સોસ પડયા અમને, વાલાજી શુ નમીએ તમને;
કે દીલાસા દીધા છે અમને કે જમુનનાં ૩
કે માહે મકર તણે માતે. ફુલડીયાં ચેરંતી ખાધ.
કે વાલાજી મારા મથુરાંની વાટે કે જમુનનાં ૪
કે ફાગણે ફેરફરે હોળી, કે આછાં ચરણાં ને ચોળી.
કે ચુંદડી મારી કેશરમાં રોળિ કે જમુનનાં ૫
કે ચઇતરે ચતુર ચંત ધરતી. વાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તારે મારે વહાલે કીધી નરતી કે જમુનનાં ૬
કે વઇશાખે વાયા વાવલીયા, કે ઘેર પધારોને નાવલીયા;
કે દુધડે ઘોઉ તારાં પાવલીયાં કે જમુનનાં ૭
કે જેઠે જગજીવન આવ્યા, કે સઉ લોક વધામણી લાવ્યા.
કે વાલા મારા કશુંએ નકાવ્યા કે જમુનનાં ૮
કે શાવણે શરવડીએ વરસે; કે નદીએ નીર ઘણું તરશે.
કે કેયલડિ ટઉકલિઆ કરશે કે જમુનનાં ૯
ભાદરવો ભલીપેરે ગા , સઇયર ઘેર નલોણું વાજે.
તો નો મારા રૂડીય ા દાજે કે જમુનનાં ૧૦
આસો રજની અજવાળિ, કે સેવ વણુ કે સુવાળિ;
વાલા થીના આશા દીવાળિ કે જમુનનાં ૧૧
કે રાધા હાથે સોનાની ચુડી. કે રમતાં દીસે છે રૂડિ;
[illegible] સરવે ગયાં છે બુડિ કે જમુનનાં ૧૨

તુળશીના મહીના.

ધન ધન પાટણ ગામ.

ધન તુળશી બાઇ ઉત્તમ નાગ, સાંભળો ગુણવંતા ૧
અસાડે તુળશી રોપ રોપાશે;
દેવ દામોદરને નિંદ્રા નવ આવે સાંભળો ૨
શ્રાવણે તુળશી દેદેરે પાને.
હરખ્યા શ્રી નારાયણ તુળશીને નામે સાંભળો ૩
ભાદરવે તુળશી લેહેરેરે જાય;
ઠડે સોવરાવે શ્રી જાદવરાય સાંભળો ૪
આસોએ તુળસી આશા બળુદાં;
દેવ દામોદરે ખોળામાં લીધાં સાંભળો ૫
કારતકે તુળશી બાળ કુંવારી
લગન ગીરધારિને પરણ્યા મેરરિ. સાંભળો ૬
માગશરે મહાવટડે હરીએ;
શિયાળે તુળશિનાં આણાં કરીયે સાંભળો ૭
પોસ માસે પડયારે પોકાર:
મહા મહીને શુધ બુધ ન ભુલે;
તુળશિ વિના ત્રિભોવન ડૂલે સાંભળો ૮
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા;
પગરે પાવટડે હરી લલાટ ચંદા સાંભળો ૧૦
ચઇતરે ચંત બોલે હીડોળા;
હીંચોળે હીંચે શ્રી કૃષ્ન કાળા સાંભળો ૧૧
વઇશાખે વનસ્પતી મોટી:
ઓળોને ખોળે મેં રમત માંડી સાંભળો ૧૨
જેઠ માસે તુળશિ કરમાયાં,
સોળસે ગોપીયો પાણીડાં ચાલ્યાં, સાંભળો ૧૩
તુળશીને ક્યારે દીવા દીવલડા.

ફરી ફરી કરતાં જાય એના જીવડા સાંભળો १४
હું તમને પુછુરે મારી તુળશિરે માતા.
કુણ તારી માતને કુણ તારો પીતા સાંભળો १५
ધરતી મારી માતને આભ મારો પીતા.
દેવકી મારી સાસુ ને કૃષ્ન ભરથાર સાંભળો १६

શોભણુદાસના મહીના

કારતકે કોડામણું રે, શિળો પુનમ કેરો ચંદ વાલા.
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવીદ વાલા १
માગશરે મેલી ગયારે, પીઉ ગયા પરદેશ વાલા.
ભરજોબનમાં ભામનીરે, અબળા બળે વેશ વાલા. २
પોષ માસે પુછામણીરે, સાંભર સહયર વાલા.
શ્રીકૃષ્ણ ચલ્યા દ્વારકાંરે, સોલસે ગોપીના નાથ વાલા. ३
મહા મહિને મન મારૂ રે, ચીતડુ વ્યાકુળ થાય વાલા,
શમણાં લાગ્યાં શ્રી રામનારે, દીઠા નંદરાય વાલા. ४
ફાગણ માસે ફરકીયારે, વાગે છે તાલ મૃદંગ વાલા,
મધુરીશિ વગાડે વાલો વંસળિરે, હોળિ ખેલે ગોવિંદ વાલા. ५
ચઇતરે ચિતામણુરે ના આવ્યો નાવલદાર વાલા
કોઇ લાવે પીઉની વધામણીરે, આપુ એકાવળ હાર વાલા ६
વઇશાખે વન વેડિયાંરે, વેડિને દાડમ દ્રાખ વાલા.
કોયલડિ ટહૂકા કરેરે, સરવે લાગે એનો સાદ વાલા ७
જેઠ મહીનાના રણુ તપેરે, જેવા ઉનાળાના તપ વાલા.
લંકામાં જવાળા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા ८
અસાડ માસ ભલે ઉલટયોરે, થાય વીજળિઓના વેગ વાલા.
ભલી હલકી બેની વાદળારે, વરસ્યા બારે મેઘ વાલા ९
શ્રાવણ વરસે સરવડિએરે નદીએ નીરમળ નીર વાલા,
ભીંજે તે રાણી પદમણિરે ભીંજાય દક્ષણી ચીર વાલા १०
ભાદરવો ભલે ગાજીઓરે, શિતળ ચડયો શરીર વાલા
કોયલડિ ભીંજાતાં ઘર આંગણે પેહેડો ભીંજાય પરદેશ વાલા ११

આશો મારો દીવાળડીરે. સુંદરી સજે શણુગાર વાલા.
લેલાટ ટીલડિ શોહાગણીરે કંઠે એકાવળ હાર વાલા ૧૨
બારે માસ પુરા થયારે આવેલો અદક મસ વાલા.
ગાય સીખેને સાંભળેરે, વિનવે ચોભણદાસ વાલા. ૧૩

રણછોડજીના સાત વાર.

આદીતે આનંદ અપરંપર કહુંછુરે ગીરધર શું ધરવાસ વ્રજમાં રહુંછુરે સોમે પામ્યા સુખ શીરજી ફળીયારે શ્રી કંદજીનો લાલ મુ-જને મળીયારે આ મંગળે મને હેત હરીશુ લાગ્યુ રે, આ રૂદય કમળનું બંધણ હદયે વાગ્યું આ બુધે આવ્યો શુદ્ધ જોવા જઇએ. આ હાની હરીએ ગુજ વાદલા થઇએ બ્રહસ્પતી ગુરૂ પરતાપ સુખેછે શ શહુને આ શખી ઘણો આનંદ રાધા વહુનેરે શુકરના શરત બોલ શહુતે ગતા આ લેતા તાળિ હાથ રજની રમતા આ શનીશ્વ- સંદેસો હ રીને કહવ્યો આ જોગ બન્યોછે આજ રમવા આવે! આ શાત વાર જે ગાય નરને નારીય, તેનો વયકુંઠ વાશ થાય હેવ મોરારી.

રણછોડજીની તિથીઓ.

શખિ પડવે પુરણ બ્રમા જે કોઇ જાણે
રૂડા રણછોડજીનો ધરમ વેગે વખાણેયે; ૧
શખિ બિજે બોડાણેજી બોલ રહેજો આવીરે
રાખશો તો રહેશે તોલ, ઉપજે એવારે
સખી ત્રિજે તુળશિનાં વન પ્રભુને પ્યારારે
હાથમાં વાવે હરીના જન શોભે સારારે ૩
સખિ ચોથે આવ્યા જાય સઘળી વાટેર
રૂદયમાં રણછોડરાય મળવા માટેરે ૪
સખિ પાંચમે પંચા પથ તડા તનમાં
સેવક હરીના જન મારા મનમાં ૫
સખિ છઠે તે છાપાં અંગ મણીનાં ધરીશે
રાખે રૂદીયા સાથે રંગ હવે મન હરિયાં ૬
સાતમે સુંદર શ્યામ, મોહન મળીયાં

હુતો આવીશ તમારે ગામ ફેરા ફળિયા ૭
સખિ આઠમે સુંદર શ્યામ મોહન મળિયાં
પુરવ દેશમાં કરી મેહેર પથમાં પેઠા ૮
સખી નુમે નમ્યા જાય આણી રાખે
શેવક સુતા સાંગી માંદી હરી રથ હાંકે ૯
સખી દશમે આવ્યા ઠાકોર હરજી રશીયા
તે ઠેકાણે ઠાકોર, વ્હાલો મારો વશીઆ ૧૦
સખી એકાદશીના દન ગુગળિ ઘેરયા
મધ રાતે આવ્યા મહારાજ હેરાણુ હેર્યા ૧૧
સખિ બારશે બાંધ્યાં છે માલ શેવકથી છના
સોનુ તોસ લા વાસ પુંજમાં પામ્યા ૧૨
સખિ તેરશે ગુગળિ ઘેર પાછા ફરીયા
અધરાતે આવ્યા માહારાજ કારજ સરીયાં ૧૩
સખિ ચઉદશે ચરણુઅંત પ્રેમે પીધા
હરી કઠણ થયા નંદલાલ સંદેશા ન કીધા ૧૪
સખિ પુનમે પુજા થાય શોભા સારી
દરશન કરવાને જાય નરને નારી ૧૫
સખિ પદર તથો સાત વાર જે કોઇ ગાશે
તેને મળશે દ્વારકાનો નાથ વઇકુંઠ જાશે ૧૬

પંદર તથીઓ.

સખિ પડવે તે પંથે ચાલ્યા ગહ્ન વનના તે મારગ ઝલ્યા ;
સાથે સીતાને લક્ષમણ બાળાં રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧
સખિબીજે મઢીમાં બીરાજે વજેવાં નદીયા તણાં નીર માજે
રામ મલી ગયા રૂડુ ગાજે, રઘુપતિ રામ રૂદેમાં રહેજો ૨
સખિ ત્રિજે તે વનની ઝાડીરે દશ પંચ મંઆવ છે હાહાડીરે
સારી શોભા સિતાજીની વાડી રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે ૩
ચખુ ચોડે કેવડીઓ મેહેકેરે, ફાલ્યો ફુલ્યોને મોધરો મહેકેરે
એની લીલી લટાઓ લેહેકેરે રઘુપતી રામ રૂદેમાં રહેજોરે ૪

સખી પાંચમે પોપટ પાળ્યોરે પાંખશીલીને કાંઠલો કાળે.રે
મુખે રામ ભણતો ભાળ્યો રઘુપતી રામ હૃદેમાં રહેજોરે ૫
સખી છઠે છેતરવાને આવ્યોરે કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે
એ મુખનો મરઘ બનાવ્યોરે રઘુપતી રામ રૂદેમાં રહેજોરે ૬
સખી સાતમે શ્રી હરી સમર્થરે વાડી બેગિરેઉઃાડયા છે ભમરારે
દુઃખ સહીને ઉપાડયા છે ડગરા, રઘુપતી રામ રૂદેમાં રહેજોરે ૭
સખી આઠમે એના નીહાળવારે, ધનુષ્ય ધરીને મ્રગલો માર્યો
મ્રગ મરતી વખતે પોકાર્યો રઘુપતી રામ રૂદેમાં રહેજો ૮
શખી નોમે તે નાંખ્યો તીરરે જઇ વાગ્યો મ્રગ શરીર
વારે ધાજ્યો લક્ષ્મણ વીર રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે ૯
શખી ધશમે કહે લક્ષ્મણનેરે બેની વીર બોલાવેછે તમને
આડી આણ દીધીછે અમને રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૦
શખી એકાદશી અપવાશી લપટ લેવાનો લાગ તપાશી
રાવણ સીતાને લઇ ગયો નાશી રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૧
શખી બારશે હનુમાન બળીયો ઠેકી શમુદ્રને પાર ઉતરીયો,
જઇ જોગમાયાને મળીયો રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૨
શખી તેરશે ત્રંબાળુ વાગે હાક હનુમાન કેરી વાગે
લહાય લંકા તે ગઢમાં લાગે રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૩
સખી ચઉદસે ચીત વીચાર ફોજ વાંદરાની રચી સારી
રામે રાવણને નાંખ્યો મરિ રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૪
સખી પુન્મે પ્રભુજી આવ્યા થાળ ભરિ મોતીડે વધાવ્યા
માતા કૌશલ્યાને મન ભાવ્યા રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૫
સખી પંદર તથી થઇ પુરી એમાં એક થથી અધુરી
આત્મારામની વાણી મધુરી રઘુપતી રામ રૂદેમાં રહેજો ૧૬

પંદર તથી.

પુનમે અમને પુરણ દરશન દેજોરે છોગાળા;
દયા કરી મારી દેઇનાં દુખેડાં ખોજો મોરલીવાળા ૧
પડત આવી પકડો મારી બાંય છોગાળા;

કાંઇ સત ગુરૂના શીતળ શાખા છાંય મોરલીવાળા ૨
બીજે મારી બાળક બુધી કાપો છોગાળા
દયા કરી મારી દેહનાં દુખડાં ભાગો મોરલીવાળા ૩
ત્રીજે હુતો તતપર થઇને બેઠી છોગાળા;
ગોરી જાતીતાને મુજને લાગી મીઠી મોરલીવાળા ૪
ચોથે ચતુર થઇ ગયા છો ચુકી છોગાળા
કાંઇ લેહ લાગી મે લાજ સરવની મુકી મોરલીવાળા ૫
પાંચમે પુરશુત્તરતી કેહેવાય છોગાળા
મુજ હરી વીનાતો ઘડીએ ના રહેવાય મોરલીવાળા ૬
છઠીના લખિઆ લેખ તે કેમ ટળશે છોગાળા
મુજ પ્રીતવરતાનાં કારજ કરવાં પડશે મોરલીવાળા ૭
સાતમે હુ ગુણ તમારા ગાતી છોગાળા
કાંઇ મોરલીને શબ્દ હીડુંછું માતી મોરલીવાળા ૮
આઠમે અવતરિયા અંતરજામી છોગાળા;
જાદવ કુળમાં જન્મ્યા જો અંતરજામી મોરલીવાળા ૯
તુમે કરવા નરપતનાં કામ છોગાળા
મુજ ગગળવાવાશી ગયા મથુરાં ગામ મોરલીવાળા ૧૦
દશમે દાવાનળ આવી કોપ્યો છોગાળા
કાંઇ મામો કંસ મારીને રણસ્થંભ રોપ્યો મોરલીવાળા ૧૧
એકાદશિના પડદા—આવી ખોલો છોગાળા
કાંઇ અંતરજામી અમ સંગાથે બોલો મોરલીવાળા ૧૨
બારશે વંદરાવન રસ્તો લિધે છોગાળા
મુજ અપુરસ જીવને શું મેલો વીલો મોરલીવાળા ૧૩
તેરશે કાંઇ ચરણકમળ ચીત લાગ્યુ છોગાળા
કાંઇ જન્મો જન્મની ભક્તિ તમરી માગુ મોરલિવાળા ૧૪
ચઉદશે કાંઇ ચરણ કમળના દાશિ છે ગાળા
મુજ મંગળવાશિ ગયા મથુરાં નાશી મોરલિવાળા ૧૫
અમાસે કાંઇ ધરણીધર કેહેવાય છોગાળા;

કાંઇ નરસઇ મેહેતા ગુણ તમારા ગાય મોરલિવાળા ૧૬

પંદર તથિઓ.

પડવાની પણ પ્રિત ગટગટ ભુલિરે મારા હરિ વીના એક વાત સરંવે સુની; બીજે બાળાવેશ રડ્ડુછું બાળિ, આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળિ. ત્રીજે ત્રભોવનરાય રાજ પધરો હરિ આવોને આપણે ઘેર હેત વધારો ચોથે ચતુરા નાર ચંચળ ચાલો પેલો વડોદરાનો વઈદ દુખડાં ટાળે પાંચમના પડદા હરિ શુ રાખ્યો મારે પ્રેમરસ પિવા કાજ હરિરસ ચાખયો છઠીના લખિયા લેખ તે કેમ ટળશે મારિ પેલા પેલા ભવની પ્રિત આવી મળસેરે સાતમના સંતાપ હરિશુ અમને આ શુ રહીએ મહારાજ લાજ નહી તમને આઠમે ઓછવ થાય હરિ હોય હેલિ, મારે સોળ ગોપીનો સાથ રમવા ઘેલિ, નોમે નમેરા નાથ નમેરા ના થઇએ આ ગોકુળિયુ મેલિ મથુરાં ના જઇએ દશમે દીન રાત દેહી મારિ દાઝે, ઘેર નાવલિયો રિસાય તે ઘણુ સાલે, એકાદશીનાં વ્રત મારે કરવાં, શ્રી જુમનાંજીનાં ધ્યાન મારે ધરવાંરે, દ્રાદસીને દહાડે દરશન દેજો, મારા સમળિયો ભગવાન સનમુખ રહેજો. તેરસના તો તન અમારા તુટયા, આ હરિહરિ કરતાં હોઠ અમારા સુકાયા. ચઉદશેનો ચતુર નવ સુવાળા, ઘેર રાધા સરખિ નારશુ રિસાયા વુનમે તો પંદર તથો થઈ કહાવે. મને સેજલડીએ સુતાં નીંદ્રા ના આવે.

પંદર તથે.

હરિ હથ મેલને રાધે મોરિ સંગ બોલને રધે
અબોલા બોલને રાધે ગુંગટડા ખોલને રાધે;
કુબા મેરા માનને રાધે. ટેક.
પડવે મોરિ સાહેલડી પેડુજી વાડીએ જાય
પેડુજી લાવે દાડમ ગોરિ છોલેને પેડુજી ખાય હરિ હડ ૧
બીજે મોરિ સાહેલડી બબીજ ઉગ્યો ચંદ
દાડમ કેરે દંતડે ગોરી આ સો માંડયો ફંદ હરિ હડ ૨
ત્રિજે મોરિ સાહેલડી તરિયાજ વારોવાર,

આ શુ ભુલિ સુંદરિ ભુલિ કંકુને કાજળ સાર હરિ હઠ ૩
ચોથે ચમકતી મેં સુણી જોબન બાળે વેશ;
ભરજોબનમાં એકલિ જેના પેઉજી ગયા પરદેસ, હરિ હઠ ૪
પાંચમે મોરિ સાહેલડી પંથ પલંગ કંથ દુર
ભર જોબનમાં એ [illegible] મારૂં જોબન જાય ભરપુર હરિ હઠ ૫
છઠે મોરિ સાહેલડી હરિજી વારોવાર
પરદેશિ રાજા પધારશે આપણુ બેશિશુ હારો હાર હરિ હઠ ૬
સાતમે મોરિ સાહેલડિ સાતેજા કીધો સ્નેહ;
ચોમાસાની રત ચીદણી ઝિણા ઝરમર વરસે મેહ હરિ હઠ ૭
આઠમે મોરિ સાહેલડી આઠેજા જોડા જોડ
પરદેશિ રાજા પધરેશે આપણે બેશીશું મોડા મોડ હરિ હઠ ૮
નોમે મોરિ સાહેલડી નવલાજ [illegible]હેર ચીર;
દીપક [illegible] મેડે ચડું મારે નયણે વછુટયાં નીર હરિ હઠ ૯
દશમે મોરિ સાહેલડી દશરા પુજવા જાય
પુજ્યા તે નર પામીયા મારા [illegible] ભરથાર હરિ હઠ ૧૦
અગીયારશે મોરિ સાહેલડી મેં કિધી શીવરાત:
પ[illegible] એ હદી પારસ્યાં કર મને કૃષ્ણ જોવાની ઘણી ખાંતહ હ ૧૧
બારશે મોરિ સાહેલડી બારેજા બાંધ્યા બંધ
કમનારા નર કશી ગયા એના કદીએ ન છુટે બંધ હરિ હઠ ૧૨
તેરશે મારિ સાહેલડી વાદળ વાધ્યો રંગ
આસડની મુળી એક છે મન ડશાયો કૃષ્ણ ભોરંગ હરિ હઠ ૧૩
ચઉદશે મોરિ સાહેલડી પાસા લિધા હાથ
મેં જાણ્યું જે પાશે પાથરા એતો પડીઆ છે બારે વાટહ હઠ ૧૪
પૂનમે મોરિ સાહેલડી પુજાજ કરશો આશ;
મેં જાણ્યું જે હરિ આવસે હવે થશે બેશીસું નીરાસ હરિ હઠ ૧૫

અંબાજી સ્તુતિ

[illegible] સમાળીશા સાંભળે રોવે [illegible] વાળે [illegible] એ રાગ.
ટેક [illegible] પાર ઉતારોરે ટેક.

આ બેઠો હું તો ઘણું કમાવો ભરો અગાગ મ
મધ્ય દરિયા વચ્ચે તોફાન લાગ્યુ શારે થશે હેવાલ એડો ૧
ખલાશીયાતો ખરખડ કરેછે મહા જુલમ મન માંય
માલધણી વિમાશી રહ્યા છે ડોલ્યુ દરિયા માંય એ ડે
મધ્ય દરિયા વચ્ચે ડોલ્યુ માતાજી વહાણુને નથી વિશ્રામ
એક નામનો આશરો તમારો કરો સેવકનાં કામ એડો ૨
એક નામનો આશરો તમારો. કરો સેવકનાં કામ એડો ૩
ઊંચુ જોઉ તો આભ માતાજી નીચુ જોઉં તો નીર;
બાળા શક્તિ મારિ અરજ સાંભળજો સાજાં રાખો શરિર એડો ૪
તુફાનની લેહેરો લાગીને મોજાતણી શી વાત;
આપશકનની આ વેળા આવીછે ધાઓ ધાઓ અંબેમાત એડો ૫
હાથેથી હવે નેજા છુટ્યા શઢ પણ ડગ્યા તોડ
અન્ત સમાની આ વેળા થઈ હવે મોટે ભાલેછે ગોટ એડો ૬
ડુંગરિએ તો દવ લગાડેલા પુરણ કીધેલાં પાપ
એક પોકારથી સ્તુતી કરશું આનોને આપો આપ એડો ૭
અડધુ વહાણ મેં અરપણ કીધું સાક્ષિ ઊંચો આભ,
આ અવસર આરા સુરિ આવો નથી ખાવો મારે લાભ એડો ૮
જગત જનેતા સ્તુતી સુણી થયાં વાઘ ઉપર અસવાર;
ઝાઝ ઉપર જઈ ત્રીશુળ ઝટકયું તાર્યુ તે જળ મોઝાર એડો ૯
વેહેપારિઓને અચરજ લાગ્યો આવ્યું મનમાં જ્ઞાન,
કરજોડી રેવા ભગત ભણેછે અરપી દીધો બધો માલરે. એડો ૧૦

દાણ લીલા

અલ્યા કાનજી તું ક્યારનો ઘેલો થયો જો, તુ તો શેનું માગે છે દાણ જો મહીની મટુકી ફુટસે જો ગોરસની થાશે હાણજો. ઘેલેશું શું બોલે ગોવાળીયાજો ૧ અલ્યા નવ જાણીશ કોઈ આપદીજો કોઈ મળશે માથા ફેરી નારજો; મારગ મુકીને રેહજો વેગળોજો મારા કાંસને થાશે જાણ, ઘેલેશું૦ ૨ તારો કંસ કમુંની નરશુ કર, મારા સંગે છે સઘળો સાથ; અલી દહાડી તે દાણ ચોરી જતી, ઘણે દહાડે

આવી હાથ ઓઢી જાન તુ આહીદની ૩ અલ્યા હાથની તે હોંશ રખે રાખતોજને હાથે ચારી જાણે છે ગાયજે પાલવ મુકીને રહે વેગળો, મારી વૃજમાં થાશે જાણુ ઘેહેલુ ૦ ૪ અલી વૃજમાં વશીને વેર વાળશુ રખે રાખતી હઈયામાં હામ; નંદજીના નામ પ્રતાપથી હુતો છેદુ તારા કંસનો હામ ઓઢી૦ ૫ અલ્યા કંસે કરયુ તે વીસરે, ભાઈ હણ્યા પોતાના તાંહ નાશીને છુરો લાડકા અલી ઉગારયો છે વ્રજમાંય. ઘેહેલું૦ ૬ વળી વૃજમાં વશીને વેર વાળશુ, તુ તો જો જે અમારાં કામ અવનીનો ભાર ઉતારવો ધરયુ નંદકુંવર ઘેર નામજો ઓઢી૦ ૭ અલ્યા સાચુ કહેતાં દુઃખ લાગશે પેટ માટે ચારો છો ગાય તુ, આવડો મોટો એમાં થયો તુને કોઈએ ન આપી ઘેહેલુ ૦ ૮ અલી આહીરની કન્યા અમો શુ કરૂ અમો સંગ્રહ વ્યહ-ચાર; રખે પડપડછાયો પાડતી તુ તો ધાબળીની ઓઢનાર ઓ૦ ૯ અલ્યા લાખ ટકાની મારી ધાબળી હીરા જડીત મારો છે હાર; આછી પટોળી મારી પેરણીજા તું તો કામળીનો ઓઢનાર ઘેહેલુ૦ ૧૦ જેનો બ્રહ્માએ તાણો તાણયો એનો શંકર સરખો વણનાર તેરે ઓઢણ મારે કાંબળી તેનો શેષ ન પામે પાર ઓ૦ ૧૧ અલ્યા શેષના સરખુ તન તાહરૂં અમો ચંપકવરણી નાર, અલ્યા કાચા કનકને વેર વરયુ તુનો પશુ તણો પીડાર ઘે૦ ૧૨ તું શાને નીસરી મહી વેચ-વા અલી બેશી રહેજે ઘરમાંય; દોલત ઘણી છે તારા બાપને શાને અહી આય ઓ૦ ૧૩ આવે સદા વાટ માહી વેચતાં જઈ પુછો જસોદા માય; બાંધી મુઠી સવા લાખની ઉઘાડીએ તો પત જાય ઘે૦ ૧૪ અલી ઘણી ઈછા છે મહી ચખાવ મીઠી મેળવણીના સ્વાદ ફીકુ પડશે પાછુ આપશુ તું શાને કરે વીવાદ ઓ૦ ૧૫ અલ્યા ગોરસ કેર કોણુ ગણુજે તુનો ઘણી દીસે છે રીસાળ હશીને તાળી લે હાથ માં, તુ પ્રીત ધરીને રસ આલ ઓ૦ ૧૭ અલ્યા માગ્યાં મુગતાફળ પામીએ, હઠ કરે કાંઈ નહી તને લાડકા, મન આણત કાંઈ વિવેક ઘે૦ ૧૮ અલી વીવેક ઘણો છે મન માહરે, જવા નહી દેઉ નીરધાર; આપ્યા વિના કેમ છુટસો તારા માશુ તુ વ્યુયાર ઓ ૧૯ તારા મ-

નના વીચાર મેં જાણીય હઠશાને કરાગ્રો હાથ; મનમાં મન મળી ગયુ, જેમ સાકર ભેળી દુધ માય ધે૦ ૨૦ સાકર સરખા બોલ પ્રીતનો બાંધ્યો તુજ પાસ છું આપુ તમોને કોલ ધે૦ ૨૧ ભેદ ભાગીને રસ વાધીયો, ગોવાળીણી ,લાગી પાય નંદજીના કુંવર કૃપાળને, હલટ અંગે તે ન માય ધે૦ ૨૨ જો કોઇ ગાય શીખેને સાંભળજો તે ફરી ન આવે ગરભ વાસ; દાણુલિલા દીનાનાથની, ગુણ ગાય રંવનીયો દાસ ધે૦ ૨૩

કજોડાવાળી સ્રીના વિલાપ વીશે ગરબી

[અલબેલી અંબે માત જોવાને જઈએ એ રાગ.)

બળ્યો બળ્યો આ અવતાર દુખ મુજને ઝાઝુ;
મારો સ્વામી છે નાનુ બાળ નીત્ય દેખી દાઝુ ટેક.
નવ વરસનો નાથ છે મારે હુ છુ જોબન વેશરે
સોળ વરસની ઉમર મારી તેથી થાય કલેશ દુઃખ ૧
પાપી પીતાને શુ હવે જાચુ કાંઇ ન રાખ્યું ભાનરે
કુલીન ઘરનો વર જોઇ મને કીધુ કન્યા દાન દુઃખ ૨
બાળપણામાં ઝેરથી મુજને મારી હોત તો સારૂરે
આ અવસર નહી બળતે આવું કુણ કલેજુ મારૂ દુઃખ ૩
બાળક અણુસમજુ પતિ મારો દેખી દીલ બહુ દાઝે
દુખ રૂદેનુ કેહેતાં આજે મન મારૂ બહુ લાજે દુઃખ ૪
પોહોર દીવસ ચડે પોહોડીને દાતણ પાણી ન કરતો;
રોતો રોતો મા પાસે જઇ પેટ પોતાનુ ભરતો દુઃખ ૫
ખાનો ખાનો પેશાબ કરતો મા તેની કળકળતીરે;
ભાન શરીરનુ લેશ નહી તેને તેથી હુ નીત્ય બળતી દુઃખ ૬
આ કરતાં પીઉ હોત નહિ તો માનત મનથી સારૂરે
દેખીને દાઝે છે આજે કુણુ કલેજું મારૂ દુખ ૭
અધુરામાં પુરો મુજને કામ ઘણુ દુખ દેછેરે;

નર કરમ કરવાથી મુજને બીક ઘણીરેમન રેહેછે;
સમજજો કદી હોય પીઠ તો લોકમા નત નાંદાંયરે
પર પુરૂષનો ગર્ભ રહેતો મારી ફજેતી થાય દુઃખ ૯
શોખિલા નર જોઇને મારૂ મન ઘણું અટળાય;
કામદેવના તાપે કરી મારૂ શરીર નાય સુકાય. દુઃખ ૧૦
મેશ્વરાશી કહેછે મુખ્યથી કોઇ કજેડું ન જોશોરે
દુખ પુત્રનું દેખિ અંતે, પોક રોશોરે દુઃખ ૧૧

ગરબી

સુણ ચતુરસુજાણ પરનારીની પ્રિત કઋુના કીજીએ
જેને પ્રિત કરી પરનાર તણી તેને હેડે રૂવ્વાનુ રાય ઘણી
એણે કુળની લજ્જા કાંઇ નારે ગણી. સુણ૦ ૧
તમે પેહેલા ભજાશો દુતીને તારૂ સરવશ લેશે ધુતીને
પછી રેહેશો અંગભભુતીને સુણ૦ ૨
તમે બેઠા મુકો મરડીને કાળજુ ખાશે કરડીને;
નહી મુકે માસ આંતરડીને સુણ૦ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને તારૂ સરવે લેશે વાઇને:
તને કરશે ખોખુ ખાઇને સુણ૦ ૪
પ્રિતમના સ્વામી હો પ્યારા તમને ગોપીઓ કરે કાલાવાલા
તમે દરશન દોની મોરલીવાળા સુણ૦ ૫

ગરબી.

મારી બાઇજી છે મનમાન, સમ હું ખાઇશરે;
મરી નણદલને નહી ગમે તો ગહીયર જાશરે
બાઇજી બુધ વિના મેં માગ્યા ટોડલીએ ભરાય રે
ઘેલી થઇ ઘર કાગજ લાગ્યુ વગતા નિમત ન આવી સમ ૧
શું સમરી આકાસેઆવી ગગને ઘેર લઇ ચાલી
વંદ્રાવનમાં ગઉ ચરાવતાં સમ ૨
અમે બહુવારૂ નાનાં માટે બોલતાં મુખ બીજેરે,
મોહનનુ મુખ મીઠુ કરાવી માગ્યા માગી લીજેરે સમ ૩

ફેરે ફેરે પુજી જેમ્નેને ઓસ્યુ ન પડે આહાર
રામકૃષ્ન પ્રભુ રંગનો રશીયો સહુની લે સંભાળ

ગરબી.

વારે નણદલ બોલી વાત સમ શા ખાશોરે
જ્યારે આવશે મારો ભરાત સાંચા થાશોરે
કેહેવારે મારા ભાઇને એને કાનુડો બહુ વ્હાલોરે:
મોહનને કાજે રૂડા દીસોછો ગાળ અમારી ઘ.લો સમ ૧
કેહાનુ કરણ ફુલ તે કયાંય આવી વીસારી
તે મે કહાનને કાને દીઠુ સાખ્ય છે પરઈયર મારી સમ ૨
હરિને નીત્યે પ્રિતે નિરખ્યાવિના વહુને અન્ન ન ભાવે
સામળીયો સાખેલો થઇને વહુજી મારે ઓવે સમ ૩
વહુને અતી ઘણો વ્હાલો છે સામળીયો શામ વરણ
રામ કૃષ્ણ પ્રભુ રંગનો રશીઓ મથુરાનો ભગવાન સમ ૪

ગરબી.

મારા મન ગમતાતમહરાજ મારે ઘેર આવો
હુ તો તલસુ તમારે કાજ હશીને બોલાવો
વાલંભ ન કરશો વીઠલા આવો અમ ઘેર આજ
પેર પેરનાં પકવાન પડાવુ ત્રિકમ તારે કાજ. માર૦ ૧
મનમાં હતું જે મારજી મુખથી કેમ કેહેવાય
આવી શકોતો આવજો મારૂ જોતામાં જોબનજાય માર૦ ૨
આ જોને આંગણીએ ઉભા રંગીલા રણછોડ
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી પુરો મારા મનડાના કોડ માર૦ ૩

ગરબી.

જેનો પેહરેડો તે પરઘેર જાય સખિ શુ કરીએ
અમથી એકલડાં ન રહેવાય વીજોગે મરીએ ટેક.
રૂપ જોરતો રશીયો રૂડો પણ્ણે કરેછે પ્રિત
અણ તેડયો આંગણીએ આવે એની તે એની રીત સખિ
બોલાવ્યો બોલે નહી કેને કેહીએ પેર

શેરડીએ સામો મળેરે વ્હાલો નીચાં તે ઢાળે નેણ સખિ ૨
છળભેદમાં છાનો રમે અમને વાયદે વાય
સચ્ચિના સ્વામી પ્રભુ અંતરજામી વાહાલા અર્થ પડે ઓળખાય સ ૩

ગરબી

જાવ જુઠડા કહાન જાઓજી જાણ્યા
એવા ધુતારાના ઢંગ પંથેર માણ્યા ટેક
વાટ જોવંતા રજની વીતી આવ્યા ઉગમતે સુર
ફાગણગાળા કાહાનજી વાલે અમને વીસારયાં છે દુર જાવ૦ ૧
પરનારી શું પ્રિતડી કિધી હામો હામ
અહી આવીને શુ કરેરે જેનો ઘેર ઘેર હોય વીશરામ જાવ૦ ૩
કોઈ મંદીરમાં કાહાનાજી કીધી લીલા લેહેર
સચ્ચિના સ્વામી પ્રભુ અન્તરજામી મેતો જાણી જાણી તમારી પેર
જાવોજી જાણ્યા૦ ૩

ગરબી

મને કૃષ્ણ જોવા ા કોક સમ્રયર ચાલોને
રુમીયાજીને લાગુ પાય હરિવર આલોને ટેક.
દેરે દેરે દીવા કરૂ પુજુ શંકર દેવ
સામળીયો વર પામવા હુતો કરૂ શભુની શેવ સઇ૦ ૧
ગોકુળની ગોવાળણીરે હીંડે મલપતી ચાલ
એના ઉપર મોહનમોહી રહો એનુ મુખડું છે લાલ ગુલાલ સ૦ ૨
સાસુ મારી જશોમતીરે સસરો શ્રી નંદલાલ
કંથ કોડીલા કાહાનજી મારૂં સાસરૂ ગોકુળ ગામ સઇ૦ ૩
કાળદ્રિને કાંઠડે નાવા નીરમળ નીર
વસ્ત્ર વીઠલો હરી ગયો હુતો સેણે ઢાંકુ શરીર સઇ૦ ૪
ગાય શીખેને સાંભળે ગણી રાધાજીનો રાસ
નરનારી વઇકુંઠ પામશેરે ગાય નરસઇયો દાસ સઇ૦ ૫

ગરબી

તારી મોરલીએ માહારાજ મન હરી લીધાંરે

મારી ગઈ છે શુદ્ધને સાન કામણ કીધાં ટેક.
સાંભળતામાં શુદ્ધબુદ્ધ ભૂલી ને તન મન વ્યાકુળ થાય
પુરપતી પરવાર સર્વે મને મંદીર ખાવા ધાય મન ૧
અંતરમાં વ્યાકુળ થાયરે વીસરી ભોજન પાન ?
અવળાં આભુષણ પેહેરીયાં મેં તો નેપુર ધાલ્યાં કાન મન ૨
સેંથે તે કાજળ સારીયાં નયણે સીંદુર રેખ
એક એકથી ઉતાવરી નીસરી આવી તે દેખાદેખ મન ૩
સનમુખ આવી ઉભા રહ્યા નયણે નીરખ્યા નાથ
લક્ષ્મણના સ્વામી સંગે રમતાં મેતો હરખે જોડયા હાથ મન ૪

ગરબી

ત્યારે બોલ્યા હળધર વીર અહી શીદ આવી
તને કોને દીધો સાદ બુદ્ધિ ગમાવીરે ટેક
આની વેળા અરધી રાતે કોને શુ છે કાજ
શીરસજ થઈ ને નીસરયાં તમે ખોઇ તે કુળની લાજ, અહી ૧
દેહ તણી મરજાદ લોપીને ન ગણો સર્વે સંસાર
પણ ખોય પ્રતિવ્રતા તણુંરે તુંતો તજ્યો રે ભરથાર અહી ૨
હું જાણુંછુ વન જવાને આવ્યા સર્વે નીરધાર
બનશીરે બટની કુસુમ કરીપર ભમરો કરેરે ગુંજાર અહી ૩
વન જોયુંને ઘેર પધારો સ્વામી તમારી આશ
લક્ષ્મણના સ્વામીનાં વચન સુણીને ગોપી થયારે નિરાશ અહી ૪

ગરબી.

ત્યારે બોલ્યાં ગોપીજન હવે કયાંહાં જઈએરે
તમે સારો અમારી આશ એમ ન કરીએરે
માતા પીતાનુ કયુ ન માન્યુ ન ગણ્યો ઘેર ભરથાર
તમો વિના અમને કાંઇ નવ ગમે સુનોલાગે સંર્વે સંસાર હવે ૧
સ્મરણ કરોને મારી સાથે રૂડુ વંદ્રાવન
ના કહેશો તો નિશ્ચેરે ગડશે તમ આગળ અમારૂ તન હવે ૨
આસ ભરતાં અમો આવીયાંરે રમવાને તમો સાથ

તેડીને તરછોડીઆંરે તેતો ન ઘટે તમને નાથ
અંતર પ્રીત લાઈ અલબેલાને હસીને બીડી બાથ
લક્ષ્મણના સ્વામીએ રાસ રમાડયો સરદ પુનમની રાત હવે ૪

ગરબી.

શ્રી વંદ્રાવન મોઝાર રાસ મચી માલેરે
સઉ કનક મણીના થાળ ઠમકે ચાલેરે
ઘુઘરી ઘમકે ને નેપુર ઠમકે ઝાંઝરનો ઝમકાર
કંઠે પરસ્પર બાવડીરે થેઇ થેઇ કરે સઉ નાર રાશ ૧
આલીંગન ઉપર હયો ચુમ્બન આનંદ ઓછવ થાય
સાહેબજાવા શું રંગભેર રમતાં ઉલ્રટ અંગ ન માય રાશ ૨
પીઉલને વશ કરવાને કાજે હબપે કરતી આજ
નેણ કટાક્ષ નેણ જોતી ગોપી લેતી પરસ્પર તાળ રાશ ૩
સુધ ન રહી શરીરની ને રજની કીધી ખટ માસ
લક્ષ્મણના સ્વામીની સંગે રમતાં
ગોપી કરતી હાશ વિલાશ રાસ મચી માલેરે રાશ ૪

ગરબી

સખી સંધ્યાએ અમો સાંચર્યારે જમુનાની તીરે હ
દુરલભ દરશન દીજીએ બાલા સ્લામ શરીર હાં ૧
ગોવાળીયાની વ્રજમાં હરી રમતા દીઠા હાં
ગતે ગઇને ઘમસાઇ પડી અતી લાગી ભીડ હા ૨
સઉ શખી ટોળે મારી ગત મત ખોઇ હા
શ્રીવલ્લભ પ્રભુ પાતળા માગશર મળતાં હા ૩

ગરબી

શખી સંધ્યાએ પાણી સાંચર્યા જમુના જળ
વાટે મળ્યા વણાગીયા મારાં દુખડાં હ હર હરબલવાળા
મેં પુછ્યુ મન ભાવતું છબીલા વાર હા
રાગ છીએ અમે સુંદરી ઓશીશ તમારૂ હા ૨

કોઈ દિન ઘેર આવો નહી જાતાં ને વળતા હા
શ્રી વલ્લભ પ્રભુ પાતળા માગસર મળતાં હા ૩

ગરબી

ઉભલા તે રેહેજો કહાનજી જમુનાને આરે
જળ ભરવા અમે આવશુ વારીને વારે
ચોદશ ધેન ચરાવજો અમે નીર ભરીશુ
આંખ પાંખના નેણમા અમે પુરણ કરીશુ
હરી મુજને વાહાલા ઘણારે હુ હરીને વહાલી
શ્રી વલ્લભ પ્રભુ પાતળા ઘેર આવો ચાલી

ગરબી

મરકલડા કરે માનની કાંઈ વાત્ક ભાશે
રાધાજી તે ચમકે ચાલીયાં ઘણો રંગ રાચે
સામગ્રી સરવે જોઈ કરી થઈ લાલચ ગેલી
શાક પાક સુંદર કરીને થાળ આગળ મેલી
જમવાની શી જુગતી બની શીર વેણી છુટી
ધાઈને આવ્યા કાનજીરે હું તો જમતા ઉઠી હા ૩
લાખેણાનો ચાલનો લાખેણો લટકો હા
શ્રી વલ્લભ પ્રભુ પાતળા મારા ચીતમા અટકો હા ૪

ગરબા

હાંરે ચાલો ડાકોરમા જઈ વસીએ
" મને લેહે લગાડી રંગરશીએરે ચાલો ડાકોરમા ૧
" પ્રભાતને પોહોર નોબત વાજે
" અમ દરશન કરવા જઈએરે ચાલો ડાકોરમા ૨
" લટપટી પાઘ કેસરીયા વાઘા
" કાને કુંડળ સોહઈએરે ચાલો ડાકોરમા ૩
" પીળા પીતાંબર જરકશી જામા
" મોતીની માળા સોહઈએરે ચાલો ડાકોરમા ૪
" ચંદ્રબદન અણીઆળી આંખો
" સુંદર મુખડુ સોહઈએરે ચાલો ડાકોરમા ૫

' રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે
' મન મોહ્યું મોરલીએરે ચાલો ઠાકોરમા ૬
' મીરાબાઇ કહે પ્રભુ ગીરધર નાગર
' અંગો અંગ જપ ગળીએરે ચાલો ઠાકોરમા ૭

ગરબી

' લટકાળો ગરીવરધારી
' મને મારી નેન કટારીરે લટકાળો ગીરધારી ટેક.
' આજ મળ્યા વાલો જુંમનાની તીરે
' એની રૂપરસીક છબી ન્યારીરે લટકાળો ૨
' સામળીએ કહ્યું સાનમારે
' મારા પ્રાણ થકી ઘણી પ્યારીરે લટકાળો ૩
' હદાભટના હરી કરયુંરે કામણ
' મારી સુદ્ધબુદ્ધ સરવે વીસારીરે લટકાળો ૪

ગરબી

' મારા સમ હાલે મળજો
'પેલુ વચન બોલ્યા તે હરી પાળજોરે મારા ૧
'રસ્તે આળ ન કરીએરે વાહાલા;
' મારી સાચી વાત સાભળજોરે મારા ૩

' પેલા લોકો ડરાવ્યા નવ ડરજોરે
' હરીભટના હરી છો હજું કાચા
' તે માટે પાછા વળજોરે મારા ૪

ગરબી.

' ચાલો ચાલો ચતુર કાઇ લાવજો
' તમે આવી અમને શુ બાજોરે ચાલો ૧
' વળગ્યા જુઓ ન કરો વહાલા
'તમે આવી અમને શુ બાજોરે ચાલો ૧
' દેખે હરીજન થાઓ સમજણા

' અમે લાજીએ ને તમે ગાજોરે ચાલો ૩
' હરી ભટતા હરીને કરીએ હુકારા
' માટે હેત ઘણેરા અમને દાજેરે ચાલો ૪

ગરબી

' જુમનાની તીરે વાહાલો હારે જીવણુને જોવા ચાલોરે જુ ૧
' જુંપનાકી નીરે તીરે વાલો ધેન ચરાવે
' મોરલી બજાવે ન દલાલો જુમનાની ૨
' ઘણે દહાડે ઘેર આવ્યા નહીરે જવા દેઉ
' માટે મનખા દેહનો લાવોરે જુમનાની ૩
' હરીભટના હરી છો રંગરસીયા
' માટે ઘેરીને ઘરમા ઘાલોને જુમનાની ૪

ગરબી

કહેવા દેને કાહાન તારી કેહેવા દેને કાહાન
વાહાલાનુ વહવાદ લડેછે રવી ઉગમને ભાણુ તારી ૧
બીરડાવો તે બીજી નારી ખરૂ લોકોકુને આરસપાણુ તારી ૨
વંદ્રાવનની કુંજ ગલીમાં હલકુ પીરળીઆનું પાન તારી ૩
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર વધ્યા અમારા વાન તારી ૪

ગરબી

કાહાન માગ્યો દો જસોદાજી કાહાન માગ્યો દો ટેક.
આજની રૂજની રંગભેર રમતાં પરભાતે પાછો લ્યો જ, ૧
કલ્લા કાબી એણુત્રટ બીજા હાર હઈયાનો લો જ, ૨
હસ્તીને ઘોડા માલ ખજાના વેહૂલ સઝુતી લો જ ૩
મીરા બાઈ કહે પ્રભુ ગીરધરના ગુણુ ઘરણુકમળ ચીત લો જ ૪

ગરબી

લીધુરે મટકે મારૂ મન લીધુરે લટકે ટેક.
વંદ્રાતે વનમા વેણુ વગાડે વાંસતણે કટકે મા ૧
ગતા ભંગ કરયા ગીરધારી અથને મારયા છે ઝટકે મા ૨
પટ પીતાંબર હરીએ પેહેરયા મોહી હુતો પીળુડે પટકે મા ૩

મીરાં બાઈ કહે પ્રભુ ગીરધરના ગુણુ ચરણુ કમળ ચીત અટકે ૪

ગરબી

મહી ઢળશે મારૂ મોહનલાલ મહી ઢળશે મારૂ ટેક
લાખ એ લાખનુ માટ તં'હારો શોભીતું' સારૂ મો, ૧
તમે વનમાળી ન કરો આળી અમે વહુવારૂ મો, ૨
ફુલ પડે તેની ચોરસ ગુથે લોક બોલે ન્યારૂ મો' ૩
મીરા બાઈ કહે પ્રભુ ગીરધરના ગુણુ ચરણુ કમળ વારૂ. મો. ૪

ગરબી

સામળીયા લાલ આસુડી સ'તાપે કહે કેમ કીજીએ:
કયા જઈએ હરી ઘરમા બેશી રહીએ તો રાડ ખીજશે ટેક.
મારી સાસુ સખણી છે એવી નણુદલને નાતરે દેઉ પેહેલી
તે તો વાત નથી કેહેવા જેવી શામળીયા ૨
મારો સસરો સાધુ જન ઘણો મને આકરો છે તેનાજ તણો
મારે જેઠ ઝાપડો બુદ્ધી વનો શામળીયા ૨
બાઈ સુકી વચે સોભાગી હુતો અનાથ ની છુ તમારી
પદ ગાશે વઈશ્નવ વીચારી શામળીયા ૩

ગરબી

ઓ જસોદાજી આત્રડો લાડક્યાબો લાલ ન કીજીએ
ચાલો ત્યા સુધી સુતના પ્રેમ ચરીત્ર દેખાડી દીજીએ ટેક.
હાલે કોતક કીધુ મદીરમા એણે માખણુપેડો લીધો કરમા
એણે માકડા ઘાલ્યા ઘરમા ઓ જસોદાજી ૨
વાલો સ'તાડયા શોધી કાઢે હોય ઉચ્યા પણુ હેઠા પાડે
એતો ખાય ખવરાવેને વનસાડે ઓ જસોદાજી ૩
ઘાલો સુતા બાળકના અંગ મોડે મારા બાંધ્યા વાછરૂ છોડી મેલ
દધી ગોરસ દુર થકી ફોડે ઓ જસોદાજી ૪
દયા પ્રીતમના સ્વામીના રશીયા દધી ગોરસપર આવે રશીયા,
ધન્ય ભાગ્ય અમારૂ વીજમાત્રશીયા ઓ જસોદાજી ૫

ધી જૉલી પ્રિન્ટિંગ વર્કર

આ છાપખાનામાં સર્વ જાતનું છાપવાનું-ફૉર્માનું તેમ

જોબવર્કસ તેમજ મીલોનાં બીજાં પરચુરણ કામો ઘણી

થી તેમજ તાકીદે કરી આપવામાં આવે છે.

પ્રુફ વાંચવાની કડાકુટ કામ આપનારને રહેતી નથી તેથી તે-

ઓ સાહેબોને ઉજાગરો રહેતો નથી.

કામ નિયમીતરીતે વખતસર આપવાથી કામ આપનાર સા

ઓને કોઇપણ રીતે નાખુશ થવાનું કારણ મળતું નથી.

ભાવ કીફાયત-એકવાર કામ પાડી ખાત્રી કરવા ફરમા

...

ઘણો સુ

દથી ગોન્સ ઘુના ગ્રહસ્થોને કરવામાં આવે છે.

દયા પ્રીતમના સ્વા...

ધન્ય ભાગ્ય અમારૂં વીજ